---

# કલોલ ખાતેની મજૂર અદાલતનાં પ્રમુખ અધિકારી
# શ્રી એસ.કે.સોલંકી સમક્ષ

---

**Ref.(T) Case no.39/2003.**

**પ્રથમ પક્ષકાર :–** (૧) **મેનેજરશ્રી,**
**ડી.જી.પી વિન્ડસર (ઈન્ડીયા) લી.,**
પ્લોટ નં.૬,૭, જી.આઈ.ડી.સી,
છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર.

(૨) **વ્યવસ્થાપક શ્રી,**
**શીવ એન્ટરપ્રાઈઝ,**
C/o, ડી.જી.પી વિન્ડસર (ઈન્ડીયા) લી.,
પ્લોટ નં.૬,૭, જી.આઈ.ડી.સી,
છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર.

(૩) **વ્યવસ્થાપક શ્રી,**
**દિનેશભાઈ એમ.બારોટ,**
**શીવ એન્ટરપ્રાઈઝ,**
પ્રહલાદભુવન, બાલકૃષ્ણ મંદિર પાછળ,
બારોટ વાસ, મુ.કલોલ, તા.કલોલ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :–** **શ્રી જાદવ જશવંતભાઈ મંગળદાસ**
C/o, નવજયોત ઓલ ગુજરાત લેબર યુનીયન,
જુના જકાતનાકા પાછળ, કલોલ દરવાજા રોડ,
મુ. કડી, તા.કડી, જિ.મહેસાણા.

---

**હાજર રહયા :–** **પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ તરફે વિ.વ.શ્રી કે.એચ.પટેલ**
**બીજા પક્ષકાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી એ.આર.શાહઝાદા**

---

**–:: આંક–૩૦ ની અરજી તળે હુકમ ::–**

1 હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **''સામાવાળાઓ''** અને **''અરજદાર''** તરીકે સંબોધવામાં આવેલા છે.

2 આ કામના અરજદારને સામાવાળાઓએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી મહેસાણા સમક્ષ તા.૨૯–૧૧–૨૦૦૨ ના રોજ ફરીયાદ દાખલ કરી વિવાદ ઉત્પન્ન કરેલ હતો અને તે ફરીયાદ આઈ.ડી.આર. કેસ નં.૪૧૮/૨૦૦૨ થી નોંધાયેલ હતી. તે કાર્યવાહીમાં સમાધાન શકાય નહીં બનતાં મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા ધ્વારા અરજદારને તેમના હુકમ ક્રમાંક : કે.એચ.એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ–૧૦૭૨–૪૬૧૮(૩૩) થી મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે મુજબ છે. :–

**:: અનુસૂચિ ::**

**શ્રી જાદવ જશવંતભાઈ મંગળદાસને** પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ.?

3 હાલનાં કામે અરજદાર તરફે **આંક–૩૦** ની અરજી આપી અરજ કરેલ છે કે તેઓએ હાલનો રેફરન્સ તેઓનાં ગેરકાયદેસર બરતરફીનાં હુકમ વિરૂધ્ધ દાખલ કરેલ હતો સદર રેફરન્સ પહેલા અરજદાર ધ્વારા નવજયોત ઓલ ગુજરાત લેબર યુનિયન ધ્વારા ગેરકાયદેસર બરતરફીનાં હુકમ વિરૂધ્ધ ફરિયાદ નં.૭૭/૨૦૦૦ દાખલ કરેલ હતી. સદર ફરિયાદ માં કોર્ટ ધ્વારા તા.૨૨/૦૮/૨૦૨૨ નાં રોજ બંન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ આંક–૫૧ થી એવોર્ડ પસાર કરવામાં આવેલ છે જે કોર્ટ ધ્વારા કામદારને નોકરીમાંથી છુટા

કરવાનું પગલું તે ગેરકાયદેસર અને ઔદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૩૩ (૧)(એ) નો ભંગ કરનારૂ હોય તે છુટા કરવાનું પગલું રદ બાતલ અને ગેરકાયદેસર ઠરાવી આ કામનાં સામાવાળા નં.૨ ને કામદાર નોકરીમાંથી છુટા થયા જ નથી તે રીતે ગણી તમામ લાભો આપવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત ફરિયાદ નં.૭૭/૨૦૦૦ માં તા.૨૨/૦૮/૨૦૨૨ નાં રોજ થયેલ હુકમ મુજબ હવે આ રેફરન્સ કેસ આગળ ચલાવવા માંગતાં ન હોય પરત ખેચવાની શરતી પરવાનગી માંગેલ છે.

4 અરજદાર ધ્વારા આપવામાં આવેલ આંક–૩૦ ની અરજી સામે સામાવાળાઓ તરફે આંક–૩૧ થી જવાબ આપેલ છે. જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે હુકમનાં અનુસંધાને હુકમનો અમલ કરવાની જવાબદારી સામાવાળા નં.૨ અને ૩ ની છે અને સામાવાળા નં.૧ સામે કોઈ હુકમ કે આદેશ કરવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે સદર ચુકાદાનો અમલ સામાવાળા નં.૨ (સામાવાળા નં.૨ અને ૩) એ કરવાનો રહે છે અને જો તેઓ એવોર્ડનો અમલ ન કરે તેવા સંજોગોમાં એવોર્ડનાં અમલીકરણ માટે અરજદાર સામાવાળા નં.૨ અને ૩ સામે કાયદાનુસાર કાર્યવાહી કરી શકે છે. વધુમાં તેઓ જણાવે છે કે અરજદાર તેમની અરજીનાં છેલ્લા પેરામાં એવી હકીકત જણાવેલ છે કે **"ભવિષ્યમાં કામદારને જો સદર રેફરન્સ કેસ રીઓપન કરવો હોય તો તે તેઓનો અધિકાર અબાધીત રાખી તેઓ સદર રેફરન્સ પાછો ખેંચવા અરજ કરેલ છે."** આ બાબતે તેઓ સખત વાંધો ઉઠાવીને જણાવેલ છે કે અરજદારને જો તેમનો રેફરન્સ કેસ વીડ્રો કરવો હોય તો તે બીન શરતી વીડ્રો કરી શકે છે પરંતુ જયારે અમો સામાવાળા નં.૧ સામે કોઈપણ પ્રકારનો હુકમ કરવામાં આવેલ નથી કે જેનું અમલીકરણ સામાવાળાએ કરવાનું હોય તેવા સંજોગોમાં સામાવાળા નં.૧ સામે તેઓ રેફરન્સ કેસ રીઓપન કરવાની શરતે અથવા તો તેઓનો હકક અબાધીત રાખીને રેફરન્સ કેસ વીડ્રો કરી શકે નહી અને તે મુજબ પરવાનગી નામદાર અદાલત ધ્વારા આપી શકાય નહી. જેથી

ઉપરોકત અરજીનો ન્યોયોચીત નિકાલ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

5 અરજદાર ધ્વારા આપવામાં આવેલ આંક–૩૦ ની અરજી તેમજ સામાવાળા તરફે રજુ આંક–૩૧ નો જવાબ વંચાણે લીધો તેમજ બંન્ને પક્ષકારોની રજુઆત સાંભળી. હાલનાં કામે અનુસુચિ વંચાણે લેવામાં આવે તો તેમાં એવા ટર્મ્સ સાથે મોકલી આપવામાં આવેલ છે કે **શું જાદવ જશવંતભાઈ મંગળદાસને નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ.**? હવે હાલનાં કામે એક ફરિયાદ ૭૭/૨૦૦૦ ની પણ દાખલ કરવામાં આવેલ અને તે ફરિયાદમાં પણ અરજદારની એવી ફરિયાદ હતી કે સામાવાળા ધ્વારા તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાની દાદ માંગેલ જે ફરિયાદમાં કોર્ટ ધ્વારા સામવાળા નં.૨ નું કોન્ટ્રાકટ આપમેળે પુરો કર્યાની જાહેરાતનું પગલું કાયદાની કલમ–૩૩(૧)(એ) નો ભંગ કરીને લેવામાં આવેલ હોય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવેલ છે. વધુમાં તે ફરિયાદમાં સામાવાળા નં.૧ સામે કોઈ પણ હુકમ કરવામાં આવેલ નથી તે નિંવિવાદ છે તે સંજોગોમાં અરજદાર ધ્વારા હાલનો રેફરન્સ કેસ શરતી પરત ખેંચવાની પરવાનગી માંગેલ છે જેથી સામે સામાવાળા નં.૧ તરફે માત્ર એવો વાંધો લેવામાં આવેલ છે કે સામાવાળા નં.૧ સામે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય બીનશરતી વીડ્રો કરવો જોઈએ પરંતુ જો અરજદાર બીન શરતી વીડ્રો કરે અને ભવિષ્યમાં કોઈ ટેકનીકાલીટી ઉભી થાય તો અરજદાર પાસે બીજો કોઈ વિકલ્પ ન રહે અને તેઓને મળવાપાત્ર દાદથી કોઈ કારણસર વંચીત રહી જાય, વધુમાં જો અરજદારને શરતી વીડ્રો કરવાની પરવાનગી આપવામાં આવે તો તેનાંથી સામાવાળા નં.૧ ને કોઈ નુકશાન જાય તેમ નથી કારણ કે ભવિષ્યમાં જો કોઈ કારણોને લીધે અરજદારને ફરી વાર રેફરન્સ કરવાનાં સંજોગો ઉભા થાય તો તેની સામે સામાવાળા નં.૧ કાયદા ધ્વારા તેમનો બચાવ રજુ કરવા સારૂ પુરતી અને વ્યાજબી તમામ તકો મળી રહેવાની છે. જે સંજોગોમાં અરજદારની આંક–૩૦ ની અરજી મંજુબ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

1. અરજદારની આંક–૩૦ ની અરજી મંજુર કરવામાં આવે છે.
2. આ કામનાં અરજદારએ આંક–૩૦ થી અરજી રજુ કરી હાલનો રેફરન્સ કેસ ભવિષ્યમાં કેશ રીઓપન કરવાની શરતે પાછો ખેંચવાની પરવાનગી માંગી છે. તે અનુસાર કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.
3. સદર હુકમને પરીશીષ્ટ તરીકે એવોર્ડ સાથે જોડવાનો હુકમ કરવામાં આવે છે.
4. લેબર કોર્ટની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેનાં પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલનાં એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.
5. હાલનાં કામે અન્ય કોઈ પરચુરણ અરજી ફાઈલ કરવામાં આવેલ હોય તો ઉપરોકત હુકમ અન્વયે ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.
6. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Kalol
Date: 12/11/2022.

[Sureshkumar Karshanbhai Solanki]
Judge, (Labour Court), Kalol.
Judge Code :GJ -01299.